# COVID-19 રસી અને બાળકો



## બાળપણમાં રસીકરણ મહત્વપૂર્ણ છે! બાળકોને પણ COVID-19 થઈ શકે છે.

- COVID-19 રસીઓ બાળકોને ગંભીર બીમારી, હોસ્પિટલમાં દાખલ થવા અને વાયરસથી થતી જટિલતાઓથી બચાવવામાં મદદ કરે છે.
- જે બાળકોને અગાઉ COVID-19 થઈ ચૂક્યું છે તેઓ પણ રસી લઈ શકે છે કારણ કે સમય જતાં તેમની રોગપ્રતિકારક શક્તિ (સુરક્ષા) ઘટતી જાય છે.



## COVID-19 રસીઓ 6 મહિના અને તેથી વધુ ઉંમરના બાળકો માટે સલામત છે.

- બાળકોને રસીથી COVID-19 થઈ શકતો નથી.
- COVID-19 રસીના ઘટકો સલામત છે.
- COVID-19 રસી લેવી એ વાયરસ સામે રક્ષણ મેળવવાનો એક સુરક્ષિત અને વધુ વિશ્વસનીય રસ્તો છે.



## આડઅસરો થઈ શકે છે.

- દવાઓની જેમ, રસીઓની પણ આડઅસરો હોય છે જે થોડા દિવસો સુધી રહી શકે છે, પરંતુ તે સામાન્ય રીતે હળવી હોય છે (દા.ત., ઈન્જેક્શન સાઇટ પર દુખાવો, સુસ્તી, વગેરે). કેટલાક બાળકોને કોઈ આડઅસર થતી નથી.
- જો તમને રસી લીધા પછી તમારા બાળકને કેવું લાગે છે તે અંગે ચિંતા હોય, તો તમારા આરોગ્યસંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.



## COVID-19 રસીઓ વિશે જાણો.

- **મફત રસીઓ અને** રસીકરણ સ્થળો શોધવા માટે, nj.gov/health/vaccines/covid-19ની મુલાકાત લો અથવા QR કોડ સ્કેન કરો.
- તમે vaccines.govની પણ મુલાકાત લઈ શકો છો.

**વધુ માહિતી માટે, તમારા આરોગ્યસંભાળ પ્રદાતાનો સંપર્ક કરો અથવા cdc.gov/covid/vaccines/stay-up-to-date.htmlની મુલાકાત લો.**

માર્ચ 2025